# સારાંશ

મારા શોધનિબંધનો વિષય છે. "પસંદ કરેલી નવલકથાઓનાં સંદર્ભે ગુજરાતી લોકપ્રિય નવલકથાઓનો સમીક્ષાત્મક અભ્યાસ" પ્રસ્તુત શોધનિબંધમાં સમાવિષ્ટ સર્વ પાસાંઓને યોગ્ય ન્યાય મળી એ તે કેતુસર શોધનિબંધને પાંચ પ્રકરણોમાં અને ચાર પરિશિષ્ટોમાં વિભાજિત કરવામાં આવ્યો છે. આ શોધનિબંધના પ્રકરણો અનુક્રમે નીચે મુજબ છે :

પ્રકરણ ૧ : લોકપ્રિય : સંજ્ઞા વિભાવના

૧.૧ શબ્દકોશો અને જ્ઞાનકોશોમાં લોકપ્રિય વિભાવનાની સમજ

૧.૨ લોકપ્રિય સાહિત્ય : અભ્યાસીઓના મંતવ્યો

૧.૩ લોકપ્રિયનું કાવ્યશાસ્ત્ર

૧.૪ લોકપ્રિય નવલકથાનું સ્વરૂપ

પ્રકરણ ૨ : ગુજરાતી લોકપ્રિય નવલકથાની વિકાસરેખા

પ્રકરણ ૩ : પસંદ કરેલી ગુજરાતી લોકપ્રિય નવલકથાઓ

૩.૧ 'સાત પગલા આકાશમાં'

૩.૨ 'પીળા રૂમાલની ગાંઠ'

૩.૩ 'મીરાંની રહી મહેક'

૩.૪ 'ઓથાર'

૩.૫ 'અર્થ'

૩.૬ 'ગ્રહણરાત્રી'

૩.૭ 'શોધ-પ્રતિશોધ'

૩.૮ 'કૃષ્ણાયન'

૩.૯ '64 સમહીલ'

પ્રકરણ ૪ : અભ્યાસકીય લોકપ્રિય નવલકથાઓનો તુલનાત્મક અભ્યાસ

પ્રકરણ ૫ : ઉપસંહાર

- સંદર્ભગ્રંથ સૂચિ
- પરિશિષ્ટ : ૧ : નવલકથાસૂચિ
- પરિશિષ્ટ : ૨ : અભ્યાસકીય નવલકથાના મુખપૃષ્ઠો
- પરિશિષ્ટ : ૩ : 'લાઈટહાઉસ - એક રહસ્ય ગાથા' - પ્રકાશિત થયેલ શોધપત્ર
- પરિશિષ્ટ : ૪ : 'લાંબી સફર ટૂંકી જિંદગી' નવલકથામાં લોકપ્રિયતાનો તત્ત્વોનો અભ્યાસ

## પ્રકરણ : ૧ - લોકપ્રિય : સંજ્ઞા વિભાવના

લોકપ્રિય સંજ્ઞાને અંગ્રેજીમાં 'Popular' કહેવાથી ૧૫મી સદીમાં 'Popular' સંજ્ઞા કાયદાશાસ્ત્રમાં વપરાતી હતી. ધીમે ધીમે ખૂબ વ્યાપક અને વિસ્તૃત અર્થમાં તે વિસ્તરતી ગઈ. આ 'લોકપ્રિય' સંજ્ઞાને સાહિત્ય સાથે જોડતા પહેલા વિવિધ શબ્દકોશોમા આપેલ તેના અર્થોને આ પ્રકરણમાં મૂકવામાં આવેલ છે.

### ૧.૧ શબ્દકોશો અને જ્ઞાનકોશોમાં લોકપ્રિય વિભાવનાની સમજ :

આ પ્રકરણમાં ગુજરાતી , હિન્દી અને અંગ્રેજી ત્રણેય ભાષાના શબ્દકોશ અને જ્ઞાનકોશમાં સમાવિષ્ટ લોકપ્રિય સંજ્ઞાની સમજ આલેખિત છે. જેમાં ગુજરાતી ક્ષેત્રે બૃહદ કોશ , સાર્થ જોડણીકોશ, ભગવદ્ગોમંડલ, મોટોકોશ તથા હિન્દી સાહિત્ય ક્ષેત્રે હિન્દી શબ્દકોશ, હિન્દી સાગર, હિન્દી સાહિત્ય જ્ઞાનકોશ અને અંગ્રેજી સાહિત્યક્ષેત્રે , Oxford American Dictionary, Oxford Reference Dictionary વગેરે જેવા કોશનો સમાવેશ થયો છે.

### ૧.૨ લોકપ્રિય સાહિત્ય : અભ્યાસીઓના મંતવ્યો

આ પ્રકરણમાં લોકપ્રિય સાહિત્યના મત-મતાંતરો ચર્ચાયા છે. લોકપ્રિય સાહિત્ય વિશે હકારાત્મક અને નકારાત્મક ઘણાં મતો જોવા-સાંભળવા મળે છે. શરૂઆતમાં હકારાત્મક વલણો ધરાવતું લોકપ્રિય સાહિત્ય ધીમે ધીમે ટીકાપાત્ર બન્યું. વિવેચકો માટે ચર્ચાનો વિષય બન્યો. તેમના લોકપ્રિય સાહિત્ય માટેના મંતવ્યો દર્શાવાયા છે. એ મંતવ્યો પછી નિષ્કર્ષરૂપે સ્પષ્ટ થતા તારણો મૂકવામાં આવ્યા છે. જેથી લોકપ્રિય સાહિત્યની સમજ જુદી-જુદી રીતે પણ સ્પષ્ટ થઇ શકે.

### ૧.૩ 'લોકપ્રિયનું કાવ્યશાસ્ત્ર'

૧૫મી સદીમાં 'Popular' સંજ્ઞા કાવ્યશાસ્ત્રમાં વપરાતી હતી. ૧૬મી સદીમાં આ સંજ્ઞા લોકોના અર્થમાં વપરાવા લાગી. ઈ. સ. ૧૯૧૦માં આ સંજ્ઞા ઉચ્ચવર્ગ અને નિમ્નવર્ગ વચ્ચેનો ભેદ દર્શાવવા

માટે વપરાવા લાગી. ૧૯મી સદીમાં આ સંજ્ઞા કલા અને મનોરંજનના સંદર્ભમાં વપરાવા લાગી લોકપ્રિય કળાની શરૂઆત ૧૯૫૦માં બ્રિટનમાં થઈ. અને ૧૯૫૦ના અંતિમ વર્ષોમાં અમેરિકામાં તેનો આરંભ થયો. ત્યાં સુધીમાં 'લોકપ્રિયતા' એક પ્રશ્ન બની ગઈ હતી. દેખીતી રીતે જોઈએ તો લોકપ્રિય સાહિત્ય વર્ષોથી લખાતું એને વંચાતું આવ્યું છે. આમ , ૧૮મી સદીના આરંભથી 'લોકપ્રિય'નો આરંભ થયો પણ ત્યારે સાહિત્યને કોઈ વિભાગમાં વહેચવામાં આવ્યું ન હતું. તેથી માત્ર સાહિત્ય તરીકે ગણવામાં આવ્યું હશે. લોકપ્રિય સાહિત્ય ફક્ત જે-તે સમયની નીપજ ન કહી શકાય , પણ તે સંસ્કૃત વેદ-ઉપનિષદના સમયથી ચાલી આવ્યું છે. ધીમે ધીમે બજારીકરણના ઉદ્દેશ્યએ કેવી રીતે ઉપભોક્તાવાદી, ગ્રાહકવાદી વલણ ઊભું કર્યું તે બાબતની આ વિભાગમાં ચર્ચા કરેલ છે. આ ઉપરાંત લોકપ્રિય સાહિત્યને વાંચનાર વર્ગ , સાહિત્યક્ષેત્રે તેનું મૂલ્ય , સમય પ્રમાણે તેની બદલાતી વિભાવના અને સમજ તેમજ કાળ પ્રમાણે વિસરાતા જતા આ સાહિત્યની તરલતા તપાસ્યા પછી નિષ્કર્ષ રૂપે સ્પષ્ટ થતાં કેટલાંક તારણો અહીં ઉલ્લેખિત છે.

### ૧.૪ લોકપ્રિય નવલકથાનું સ્વરૂપ

આપણા સમયમાં નવલકથાએ સાહિત્યના એક મુખ્ય સ્વરૂપ તરીકે સ્થાન પ્રાપ્ત કરી લીધું છે. એક સાહિત્ય સ્વરૂપ તરીકે નવલકથા સ્વરૂપ સતત વિકસતું અને લોકપ્રિય રહ્યું છે. એમાં લોકપ્રિય નવલકથા એતો તેનો અલગ જ વિસ્તાર ઊભો કર્યો છે. લોકપ્રિય નવલકથાઓમાં જાસુસી કથા , રહસ્યમય કથા , રોમાંચક કથા , ધારાવાહિક કથા આદિ કથાઓનો સમાવેશ થાય છે. ધારાવાહિક નવલકથાની વાત કરીએ તો સર્જક પોતાની કથા જ્યારે ટુકડે ટુકડે પ્રસ્તુત કરે ત્યારે ભાવકને જકડી રાખવા માટે ઘણી દરકાર માંગી લે છે. સમાયંતર હોવા છતાં ભાવક કાગડોળે કથાના બીજા પ્રકરણોના પ્રસ્તુતીની રાહ જુએ , વાચવા માટેની તાલાવેલી જાગે અને તેમની કુતૂહલતા કેળવાય તે માટે લેખક કેવા પ્રયત્નો કરે છે ? ક્યાં ઘટકતત્ત્વોનો આધાર લે છે ? તે માટેનો અભ્યાસ સમાવિષ્ટ છે.

## પ્રકરણ : ૨ - ગુજરાતી લોકપ્રિય નવલકથાની વિકાસરેખા

ગુજરાતી સાહિત્યક્ષેત્રમાં લોકપ્રિય નવલકથાની વિકાસરેખા જોઇએ તો દરેક યુગની નવલકથાઓમાં આપણે લોકપ્રિયતાના તત્ત્વો જોઇ શકીએ છે. સ્થળ-કાળ પ્રમાણે વિચારપ્રવાહો , સ્વરૂપો, મૂલ્યો બદલાતા રહે છે. તેથી સાહિત્યક્ષેત્રે પણ થયું ટકી રહે તો ઘણું લુપ્ત થઈ જાય છે. નંદશંકરથી માંડી ધૈવત ત્રિવેદી સુધીની નવલકથામાં રહેલ લોકપ્રિયતાના લક્ષણો દર્શાવી ગુજરાતી લોકપ્રિય નવલકથાની વિકાસરેખા અહીં રજૂ કરવામાં આવી છે.

## પ્રકરણ : ૩ - પસંદ કરેલી લોકપ્રિય ગુજરાતી નવલકથાઓ

ગુજરાતી સાહિત્યક્ષેત્રે ઘણી બધી લોકપ્રિય નવલકથાઓનો સમાવેશ થાય છે તેમાંથી 'સાત પગલાં આકશમાં' (કુન્દનિકા કાપડીઆ), 'પીળાં રૂમાલની ગાંઠ ' (હરકિશન મહેતા), 'મીરાંની રહી મહેક' (દિલીપ રાણપુરા) , 'ઓથાર' (અશ્વિની ભટ્ટ ), 'અર્થ' (પ્રિયકાન્ત પરીખ ), 'ગ્રહણરાત્રી' (મોહમ્મદ માંકડ), 'શોધ-પ્રતિશોધ' (મહેશ યાજ્ઞિક), 'કૃષ્ણાયન' (કાજલ ઓઝા વૈદ્ય), '64 સમરહિલ' (ધૈવત ત્રિવેદી) એ નવ લોકપ્રિય નવલકથાઓનો લોકપ્રિય તત્ત્વો સાથે અભ્યાસ કરવામાં આવ્યો છે.

## પ્રકરણ : ૪ - અભ્યાસકીય લોકપ્રિય નવલકથાઓનો તુલનાત્મક અભ્યાસ

પસંદ કરેલી અભ્યાસકીય લોકપ્રિય નવલકથાઓને લોકપ્રિયતાના તત્ત્વોને આધારે મૂલવવામાં આવી છે. મોટા ભાગની નવલકથામાં એકસરખા લોકપ્રિય તત્ત્વો જુદી જુદી રીતે જોવા મળે છે , પરંતુ 'મીરાંની રહી મહેક ', 'કૃષ્ણાયન' અને 'સાત પગલાં આકાશમાં ' વગેરે જેવી નવલકથાઓ ભિન્ન પૃષ્ઠભૂમિ ધરાવે છે. કહેવાતા લોકપ્રિય તત્ત્વો કરતા જુદા તત્ત્વોનો સમાવેશ આ કથાઓમાં થયો છે. દરેક નવલકથાની ભાષા સીધી-સાદી અને સરળ છે. છતાંય ભિન્નતા જોવા મળે છે. ખૂન, આત્મહત્યા, બળાત્કાર, ચોરી, ષડયંત્રો વગેરે જેવા અસામાજીક તત્ત્વોથી પર હોય તેવી 'કૃષ્ણાયન' અને 'મીરાંની રહી મહેક' જેવી નવલકથાઓનો પણ અભ્યાસ કરવામાં આવ્યો છે. જે મોટેભાગે માનવમાં સમાવિષ્ટ લાગણી અને સંવેદનો પર આધારિત છે. બાકીની નવલકથાઓમાં અસામાજિક તત્ત્વો સમાન જોવા મળે છે. પરંતુ તે પણ જુદી-જુદી રીતે પ્રસ્તુત થયા છે. આમ દરેક નવલકથાનું જુદાપણું તેમાં રહેલી સામ્યતા, સ્થળ-કાળ પ્રમાણે વાતાવરણ, વર્ણનના ભેદ તથા ભાવકને કથા કેવી રીતે સ્પર્શે છે તેમજ ભાષાની ભિન્નતા કે સામ્યતા આગળના પ્રકરણમાં કરેલ અભ્યાસને આધારે અહીં તપાસવામાં આવી છે.

## પ્રકરણ : ૫ - ઉપસંહાર

ઉપરોક્ત પ્રકરણોમાં આવેલી ચર્ચા-વિચારણાઓને ધ્યાનમાં રાખીને અભ્યાસ સંશોધનનાં નિષ્કર્ષ રૂપે કેટલાક તારણો તથા સમજ આ પ્રકરણમાં પ્રસ્તુત કરવામાં આવી છે.

- 'લોકપ્રિય' સંજ્ઞા વિભાવનાને આધારે, અભ્યાસીઓના મત-મતાંતરોને આધારે તેમજ 'લોકપ્રિય કાવ્યશાસ્ત્ર'ને આધારે લોકપ્રિય સાહિત્યની ઉજાગર થતી સમજ.
- લોકપ્રિય નવલકથાઓ તથા તેની વિકાસરેખાને આધારે લોકપ્રિય સાહિત્યના જુદા પડતાં લક્ષણો અને કથા પ્રચલિત કરવા માટેની સર્જકની વિવિધતાનું સ્પષ્ટીકરણ.

## સંદર્ભગ્રંથ સૂચિ

સંશોધન કાર્યને નક્કર સ્વરૂપ આપવા માટે ઉપયોગમાં લીધેલ સંદર્ભગ્રંથોની સૂચિ અત્રે રજૂ કરેલ છે.

## પરિશિષ્ટ : ૧ : નવલકથાસૂચિ

સંશોધન કાર્ય દરમિયાન અભ્યાસમાં આવેલ નવલકથાઓની સૂચિ અત્રે રજૂ કરેલ છે.

## પરિશિષ્ટ : ૨ : અભ્યાસકીય નવલકથાના મુખપૃષ્ઠો

સંશોધન કાર્યમાં અભ્યાસમાં લીધેલ નવલકથાઓના મુખપૃષ્ઠોની છબિ અત્રે રજૂ કરેલ છે.

## પરિશિષ્ટ : ૩

'લાઈટહાઉસ - એક રહસ્ય ગાથા' - પ્રકાશિત થયેલ શોધપત્ર અત્રે રજૂ કરેલ છે.

## પરિશિષ્ટ : ૪

'લાંબી સફર ટૂંકી જિંદગી' નવલકથામાં લોકપ્રિયતાનો તત્ત્વોનો અભ્યાસ નામે શોધપત્ર અત્રે રજૂ કરેલ છે.